તાત્કાલિક

ક્રમાંક: મકમ/૧૦૨૦૦૬/૨૮૧૫/હ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ– 10 OCT 2008

પ્રતિ,

- મુખ્ય નગર નિયોજકશ્રી,
  ગુજરાત રાજય, ગાંધીનગર.
- નગરપાલિકા નિયામકશ્રી,
  ગુજરાત રાજય, ગાંધીનગર.
- હાઉસીંગ કમિશનરશ્રી,
  ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદ.
- મ્યુનિસિપલ કમિશનરશ્રી,
  મહાનગર સેવા સદન,
  અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત/જામનગર/ભાવનગર/જૂનાગઢ
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી,
  ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી,
  ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
- મીશન ડાયરેકટરશ્રી,
  ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન,
  ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ, અમદાવાદ, ગાંધીનગર, સુરત, જામનગર, વડોદરા, ભાવનગર, રાજકોટ, ભુજ, અંજાર, રાપર, જૂનાગઢ, ભચાઉ, વાડીનાર,

મધ્યસ્થ કચેરી
18 OCT 2008
આ નંબર ૩/૪/૪૪૧૨

વિષયઃ– રાઇટ ટુ ઇન્ફોરમેશન એકટ-૨૦૦૫.
જાહેર માહિતી અધિકારી, મદદનીશ જાહેર માહિતી ઓથોરીટી અધિકારી તથા એપેલેટ ઓથોરીટીની ટૂંકી વિગતો દર્શાવતું સાઇન બોર્ડ મૂકવા અંગે.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૯/૦૮ ના પત્ર ક્રમાંકઃવહસ/૧૦૨૦૦૫/૨૫૫૬/ આરટીઆઇસેલની નકલ તેમાં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવા સારૂ આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે.

આપનો વિશ્વાસુ

સેકશન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

નકલ રવાના પ્રતિ,
- સેકશન અધિકારીશ્રી સામાન્ય વહીવટ વિભાગ, આરટીઆઇસેલ તરફ જાણ સારૂ

MC/SMC
15 OCT 2008

ઇનવર્ડ નં. ૩૦૫૪ તા. 20-10-08
આર.ટી.આઇ. સેલ,
સુરત મહાનગરપાલિકા.

(SO (RTI Cell))

પત્રક્રમાંક: વહસ-૧૦૨૦૦૫-૨૫૫૬-આર.ટી.આઇ.સેલ.
ગુજરત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૧-૦૯-૨૦૦૮

પ્રતિ,
નાયબ સચિવ શ્રી(સંકલન) અને
નોડલ અધિકારીશ્રી (આર.ટી.આઇ.)
સર્વે વિભાગો,
સચિવાલય,ગાંધીનગર.

વિષય : "રાઈટ ટુ ઈન્ફોર્મેશનએક્ટ-૨૦૦૫"
જાહેર માહિતી અધિકારી, મદદનીશ જાહેર અધિકારી તથા એપેલેટ ઓથોરીટીની ટૂંકી વિગતો દર્શાવતું સાઈનબોર્ડ મુકવા અંગે

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અંગે જણાવવાનું કે અત્રેના તા.૧૫-૧૨-૨૦૦૫ના સમાનાંકી પત્ર થી "રાઈટ ટુ ઈન્ફોર્મેશનએક્ટ-૨૦૦૫"જાહેર માહિતી અધિકારી, મદદનીશ જાહેર અધિકારી તથા એપેલેટ ઓથોરીટીની માહિતી પુસ્તિકા સ્વરૂપે પ્રસિદ્ધ કરવા અંગે તેમજ તેની સાથે ટુંકી વિગતો દર્શાવતુ સાઈનબોર્ડ આપના વિભાગ (પ્રોપર) તથા આપના તાબા હેઠળની કચેરીઓમાં મુકવા બાબતે સૂચના આપવામાં આવેલ છે.

૨. ઉકત વિગતે પ્રસંગોપાત જણાવવાનું કે જાહેર માહિતી અધિકારી, મદદનીશ જાહેર અધિકારી તથા એપેલેટ ઓથોરીટીની ટુંકી વિગતો દર્શાવતુ સાઈનબોર્ડ કેટલાક વિભાગોમાં જાહેર જનતાની જાણ માટે લગાવેલ છે જ્યારે કેટલાક વિભાગોમાં હજુ અમલ થયેલ નથી

૩. આથી આ બાબતે પુન:ધ્યાન દોરતાં જણાવવાનું કે ઉકત વિગતો દર્શાવતું "સાઈનબોર્ડ" લગાડવાની કાર્યવાહી જે વિભાગો એ ન કરી હોય તેવા સર્વે વિભાગો (પ્રોપર) વિભાગ ના પ્રવેશદ્વાર ની બાજુમાંઉક્ત પેરા-૨માં દર્શાવ્યા મુજબનું સાઈનબોર્ડ લગાવવાની (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં બ્લોક નં-૭/૮ પર મુકેલ છે તે નમુના મુજબ ) કાર્યવાહી કરવા વિનંતી છે.

૪. આપના વિભાગના વહીવટી હકૂમતમાંના સર્વે ખાતાના વડાઓ/જિલ્લા/તાલુકા/ગ્રામકક્ષાની કચેરીઓ/બોર્ડ/નિગમ વગેરે સહિતના સર્વે જાહેર સત્તા મંડળો ને પણ આ મુજબ ની કાર્યવાહી કરવાની સૂચનાઓ આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(સી.એસ.ઉપાધ્યાય)
નાયબસચિવ
સામાન્ય વહીવટ વિભાગ